Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

# JAINA DHARMA PRAKASHA.

પુસ્તક ૮ મું. ભાદ્રુ સુદ ૧૫ સંવત ૧૯૪૯ અંક. ૧૧ મો.

शार्दूलविक्रीडित.

कृत्वार्हत्पदपूजनं यतिजनं नत्वा विदित्वागमं ।
हित्वा संगमधर्मकर्मठधियां पात्रेषु दत्वा धनं ॥
गत्वा पद्धतिमुत्तमक्रमजुषां जित्वांतरारिव्रजं ।
स्मृत्वा पंचनमस्क्रियां कुरु करक्रोडस्थमिष्टंसुखं ॥१॥

प्रगटकर्त्ता.

श्री जैनधर्मप्रसारक सभा.

ભાવનગર.

अमदावादमां—"એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસમાં"
નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપી પ્રસિદ્ધ કર્યું
શક ૧૮૧૪. સન ૧૮૯૩

મૂલ્ય વર્ષ ૧ નો રૂ ૧) અગાઉથી પોસ્ટેજ રૂ ૦-૩-૦ જુદું.
છુટક અંક એકનો રૂ ૦-૨-૦

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## अनुक्रमाणिका.


| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| ૧ આજ્ઞાપ્રમાણ. ( પદ્ય ) | ૧૬૧ |
| ૨ સંબોધસત્તરી. | ૧૬૨ |
| ૩ માયા ( શ્રી મલ્લીનાથજી ચરિત્ર ) | ૧૬૭ |
| ૪ નેમિદૂત (સમશ્લોકી ભાષાંતર યુક્ત) | ૧૬૯ |
| ૫ બંધુસ્નેહ ( સિંહ અને વસંતનો સંબંધ ) | ૧૭૨ |


ચોપાનીયું રખડતું મુકી આશાતના કરવી નહીં.

### ગ્રાહકોને ભેટ.

શ્રી શત્રુંજય મહિમા ગર્ભિત

### શુકરાજ ચરિત્ર.

ચરિતાવળીની વાનકી તરીકે આ અત્યંત રસીક અને બોધદાયક ચરિત્ર આ વર્ષને માટે ગ્રાહક વર્ગને ભેટ તરીકે આપવાનું નિર્માણ કરેલું છે અને તેટલા માટે જુદું છપાવવું શરૂ કર્યું છે. થોડા વખતમાં તૈયાર થઈ જશે માટે લવાજમ ન મોકલાવ્યું હોય તેમણે ટપાલ ખર્ચના અરધાઆના સહીત રૂ૧-૩-૬ તરત મોકલાવવું અને લવાજમ મોકલ્યા છતાં ભેટને માટે ટપાલ ખર્ચ ન મોકલ્યું હોય તેમણે અરધોઆનો મોકલી બુક મંગાવી લેવી. ચરિતાવળીમાં આવી આવી રસીક ૧૫ કથાઓનો સંગ્રહ છે.

### સઝાયમાળા.

ભીમશી માણેકના છાપાની, શુદ્ધ, શાસ્ત્રી ટાઇપથી, ઉંચા કાગળ છાપી, પાકા પુંઠા બંધાવેલી છે. આઠપેજી ૫૦ ફારમ ઉપરાંત છે. સઝાયો ૫૨૧ રસીક રસીક દાખલ કરેલી છે. વૈરાગ્ય રસના અનુભવીજનોને માટે ખાસ ખરીદ કરવા યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

## JAINA DHARMA PRAKASHA.

દોહરો.

જીનમતરસ રસનાથકી, પાનકરો પ્રતિમાસ;
રસિકજનો રસમગ્ન થૈ, વાંચી જૈનપ્રકાશ.

પુસ્તક ૮ મું. શક ૧૮૧૪ માહા શુદિ ૧૫ સંવત ૧૯૪૯ અંક ૧૧ મો.

## आज्ञाप्रमाण.

( સ્રગ્ધરા. )

વીશ્વેશા વીર સ્વામિ ચરણકજ નમું ઉર ઉત્સાહ ધારી,
તારી આજ્ઞા પ્રમાણે મતિ અનુસરતી રાખજે મોક્ષ ગામી;
તારી આજ્ઞારૂપી જે મુગટ શીર ધરે સર્વ સિદ્ધિ વધારે,
તારી આજ્ઞા અમોને અતુલ સુખ કરે તેજ સંસાર તારે. ૧
આજે આ પંચમારે વિષમ સમયમાં એક આધાર તારો,
બાકી કલ્પીત ભાખે ઉદર ભરણ તે માર્ગ જુઠો નઠારો;
તારી સુશાંત મુદ્રા સકળ ભય હરે એજ મુર્ખો ઉથાપે,
તારી આજ્ઞા અમોને અતુલ સુખ કરે તેજ સંસાર તારે. ૨
જે શ્રી તીર્થંકરોના અતુલ અતિશયે નીકળી કંઠ દ્વારા,
સારી કલ્યાણકારી વદન વીવરની પુષ્કરાવર્તધારા;
શોભે સ્યાદ્વાદરૂપે મધુર મૃદુ અતિ ભવ્યને તારનારી,
એવી શ્રીવાણી દેવી પરમહિત કરે વિશ્વ આનંદકારી. ૩
દીપે કાંતી રૂપાળી વિધ વિધ વરણે દીવ્ય દેવાંશી ખાસી,
લીલા અદ્ભુત ભાસે જગત જનની તે ઉર આપે ઉજાસી;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે તે ભારી પ્રતાપી હૃદયકજ વસી કુમતિ કાપનારી,
એવી શ્રીવાણી દેવી પરમહિત કરે વિશ્વ આનંદકારી. ૪
એ આધારે રચેલાં સુવિહિત ગુરૂએ હિતકારી અમારાં,
એવા આધારરૂપી અધુનીક સમયે પુજ્ય શાસ્ત્રો તમારાં,
એને ઉત્સુત્ર ભાખે બહુલ ભવ કરે દુષ્ટ કર્મો વધારે,
તારી આજ્ઞા અમોને અતુલ સુખ કરે તેજ સંસાર તારે. ૫

જ. ડા.

# संबोधसत्तरी.

( અનુસંધાન પાને ૧૫૯ મે થી. )

ચાર કષાયમાં પ્રથમ કષાય ક્રોધ છે અને તેનો ત્યાગ કરનારે ક્ષાંતિ–ક્ષમા ધારણ કરવાની જરૂર છે ક્ષમામાં અનેક ગુણ રહેલા છે તે દર્શાવવા માટે ગ્રંથકાર કહે છે.

**खंती सुहाण मूलं, मूलं धम्मस्स उत्तमा खंती ।**
**हरइ महाविज्जा इव, खंती दुरियाइं सव्वाइं ॥७०॥**

અર્થ—ક્ષાંતિ–ક્ષમા સુખનું મૂળ છે. ધર્મનું મૂળ પણ ઊત્તમ ક્ષમા છે. મહા વિદ્યાની જેમ ક્ષમા દુરિત સર્વને હરે છે. ૭૦.

ભાવાર્થ—છતી શક્તિએ પારકા દુર્વચનને સહન કરવા તેનું નામ ક્ષમા છે. એ ક્ષમા સુખ માત્રના કારણ ભુત છે અને ક્રોધના પ્રતિપક્ષી રૂપ એ ક્ષમા ધર્મનું મૂળ છે. મુની મહારાજના દશ પ્રકારના યતિ ધર્મમાં પણ પ્રથમ ક્ષમા ધર્મ છે. વળી મહાલક્ષ્મી આદી આરાધનના મંત્રરૂપ મહા વિદ્યા જેમ સર્વ પ્રકારના દૂરિત કહેતાં કષ્ટને હરેછે તેમ ક્ષાંતિ ધારણ કર્યા છતાં દુર્જનો પોતાની ધારણામાં નિષ્ફળ થાયછે. એટલે એ ક્ષમા દુરિતકે૦ દુર્જનોને હરેછે. સ્ફેડન કરે છે. કહ્યું છે કે.

**क्षमा धनं गृहीतस्य, दुर्जनः किं करिष्यति ।**
**अतृणे पतितो वह्नि, स्वयमेवोपशाम्यति ॥१॥**

" ક્ષમારૂપ દ્રવ્યના ગ્રહણ કરનારાને દુર્જનો શું કરી શકે છે ? અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાત્ કાંઈ કરી શકતા નથી. જેમ તૃણ રહિત ભૂમીને વિષે પડેલો અગ્નિ સ્વયમેવજ શાંત થઈ જાયછે. ”

ક્ષમા ગુણ પ્રાણીને કેવળ જ્ઞાનની પ્રાપ્તિ પણ કરાવી શકે છે. બીલકુલ તપને નહીં કરી શકનારા કૂરગડુ નામે મુની માત્ર ક્ષમા થકીજ કેવળ જ્ઞાન પામ્યા છે માટે સર્વથા પ્રકારે આત્મહિતઇચ્છિક જનોએ ક્ષમા ધારણ કરવી.

ઉપરની ૭૦ મી ગાથામાં ક્ષમા ધારણ કરવા ઉપર **કુરગડુમુનિનું** દૃષ્ટાંત સૂચવ્યું છે તેનો સંક્ષિપ્ત વૃત્તાંત આ પ્રમાણે છે—

તુરમણીપૂરીને વિષે શ્રી કુંભ રાજા રાજ્ય કરે છે. તેને લલીતાંગ નામે પુત્ર છે. તેણે એકદા ગુરૂ મહારાજનો ઉપદેશ સાંભળીને વૈરાગ્ય પામવાથી દીક્ષા ગ્રહણ કરી. ત્રીકરણ શુદ્ધે ચારિત્ર પાળે છે પરંતુ પૂર્વના વેદની કર્મના ઉદયથી તેને ક્ષણે ક્ષણે ક્ષુધા લાગતી હતી. બહુ તુચ્છ (કૂર) ભોજન જમતા હતા તે ઉપરથી તેનું **કુરગુડુમુનિ** એવું નામ લોકોએ પાડયું. વિહાર કરતાં કરતાં અનુક્રમે એક ગ્રામે ચતુર્માસ રહ્યા છે ત્યાં તેમની સાથેજ બીજા ચાર મહા તપસ્વી મુનીઓ પણ ચતુર્માસ રહેલા છે. અનુક્રમે પર્યુષણ પર્વ આવ્યા સંવચ્છરીને દિવસે પણ કુરગડુમુનીથી ક્ષુધા સહન થઈ શકી નહીં એટલે શુદ્ધમાન આહાર પાણી લાવીને વાપરવા બેઠા. તે વખત તેમની સાથેના તપસ્વી મુનીઓએ તેની બહુજ નિભ્રંછના કરી અને કહ્યું કે “ હે પાપી ! આજ વાર્ષીક પર્વને દિવસે પણ તું આહાર કરવા બેઠો છે માટે તને ધિક્કાર છે. ” આવા અત્યંત કટુ વચનો તેણે બહુજ સમતા પૂર્વક સહન કર્યા અને ક્ષમા મંદિરમાં રહ્યા સતા ( એક વચન પણ પ્રત્યુત્તરમાં ન બોલતા પોતાના આત્માની નિંદા કરવા લાગ્યા કે અરે પાપી આત્મા તું આજનો દિવસ પણ ભૂખ સહન કરી શકયો નહીં ! ” એ પ્રમાણે આત્માને ધિક્કારતા તે મહામુનીને ભોજન કરતા કરતાંજ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. દેવતાઓએ આવીને કેવળજ્ઞાનનો મ્હોચ્છવ કર્યો તે જોઈને ચાર મુનીઓ જેણે કૂરગડુ મુનીની બહુજ નિંદા કરી હતી તેઓ કૂરગડુ મુનીનો આવો મહીમા જોઇને તેમને નમસ્કાર કરી મિથ્યા દુઃકૃત દેવા લાગ્યા તેમને પણ ખમાવતા ખમાવતા કેવળજ્ઞાન ઉત્પન્ન થયું આ પ્રમાણે ક્રોધનો જય કરવાથી અને ક્ષમાને ધારણ કરવાથી મોક્ષ સુખની પ્રાપ્તિ થાય છે. ઉત્તમ મુનીમહારાજાનું તો એજ કર્ત્તવ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર બતાવેલા પોતાના કર્ત્તવ્યથી વિમુખ થઇને જે સાધુ પોતાને ત્યાજ્ય ક્રીયામાં પ્રવર્ત્તે છે તેને શાસ્ત્રકારે પાપ શ્રમણ કહ્યા છે. તે ઉપર ગ્રંથકર્ત્તા કહે છે—

**सयं गेहं परिच्चज्ज, परगेहं च वावडे ।**
**निमित्तेण य ववहरइ, पावसमणुत्ति वुच्चइ ॥ ७१ ॥**

અર્થ—પોતાનું ઘર તજી દઇને પરગ્રહને જે જોયા કરે છે, મમત્વ ધારણ કરે છે અને નિમિત્તવડે જે વ્યાપાર કરે છે તેને પાપ શ્રમણ કહીએ ૭૧.

ભાવાર્થ—જે મુની પ્રથમ પોતાનું સંસારી ગૃહ છોડી દેય અને ચારિત્ર ગ્રહણ કર્યા પછી ઉપાશ્રયાદિકને વિષે મમત્વ ધારણ કરે, પોતાપણું ધરાવે, ધણીપણાથી એક સ્થાનકે વાસો કરીને રહે, સારી નઠારી જગ્યા જોયા કરે, સારી જગ્યાએ રહેવાની પ્રીતી ધરાવે, ઉપાશ્રયની મરામત કરાવે, આ પ્રમાણે કરનારને તેમજ જ્યોતીષ નિમિત્ત શુભાશુભ વિગેરે કહે અને તે વ્યાપારમાં પ્રવર્ત્તે તેને શાસ્ત્રકારે શ્રીમન્વીર પરમાત્માએ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૧૭ મા અધ્યયનમાં પાપશ્રમણ કહ્યા છે. કારણ કે જ્યારે ઉપાશ્રયાદિકને વિષે મમત્વ બુદ્ધિ કરે છે ત્યારે તેણે પોતાનું સંસારાવસ્થાનું ઘર શા માટે છોડયું? મુનીમહારાજનો ધર્મતો એજ છે કે ગ્રહસ્થ પાસે યાચના કરીને શુદ્ધમાન વસ્તીમાં નિઃસંગપણે રહે અને જાય ત્યારે પાછા ગ્રહસ્થને ભળાવી દેય. વસ્તી રહેવાની જગ્યા સારી મળી હોય તો તે ઉપર પ્રીતી ન ધરાવે અને નઠારી મળી હોય તો તે ઉપર અપ્રીતી ન ધરાવે. વળી જ્યોતીષ–નિમિત્ત પોતે શાસ્ત્રાધારે જાણતા હોય તે પણ કદી કોઇને કહે નહીં. માત્ર દીક્ષા પ્રતિષ્ઠાદિક શુભ ધર્મ કાર્યને માટે પોતાની વિદ્યાનો ઉપયોગ કરે. જેઓ તેથી વિપરીત કરે તેને પાપ સાધુ–પાપરૂપ મુની કહ્યા છે. વળી કહ્યું છે કે—

**दुद्ध दहीं विगइओ, आहारेइ अभिख्खणं ।**
**न करेइ तवोकम्मो, पावसमणुत्ति वुच्चइ ॥ ७२ ॥**

અર્થ—દુધ, દહીં અને ઘૃતાદિક વિગય વારંવાર વાપરે અને તપ કર્મ ન કરે તેને પાપ શ્રમણ કહીએ. ૭૨.

ભાવાર્થ—મુની મહારાજા નિરંતર માત્ર શરીરનો આધાર, ચારિત્રનું આરાધન, વૈયાવચ્ચ, વિદ્યાભ્યાસ, વિહાર શક્તિ વિગેરે કારણો માટેજ આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાર વાપરે છે તે પણ નિરસ આહાર વાપરે છે. દુધ દહીં અને ઘૃતાદિક વિગય ક્વચીતજ વાપરે છે. એ વિગય વાપરવાની છુટ તપસ્યા કરનારા મુની મહારાજને છે એટલા માટે શાસ્ત્રકાર કહે છે કે જો એ વિગયો નિરંતર વારંવાર વાપરે અને તપકર્મ–તપસ્યા ન કરે તો તેને પાપ સાધુ કહેવા અર્થાત્ જો તપસ્યા કરવી હોય તોજ એ વિગયો વારંવાર ઉપયોગમાં લેવી.૭૨

હવે સંસારને વિષે પરિભ્રમણ કરાવનારા મુખ્ય પાંચ પ્રમાદને ઓળખાવવા માટે શાસ્ત્રકાર કહે છે—

**मज्जं विसय कसाया, निद्दा विकहा य पंचमी भणिया ।**
**एए पंच पमाया, जीवं पाडंति संसारे ॥ ७३ ॥**

અર્થ—૧ મદ, ૨ વિષય, ૩ કષાય, ૪ નીદ્રા અને પાંચમી વિકથા કહેલ છે, એ પાંચ પ્રમાદ જીવને સંસારને વિષે પાડે છે. ૭૩.

ભાવાર્થ—પ્રાણીને સંસારમાં પરિભ્રમણ કરાવનાર, ઊંચી ગતિમાં આવ્યા છતાં પાછા અધોગતિમાં પાડી દેનાર આ પાંચ પ્રમાદ છે. માટે પ્રાણીએ હરેક પ્રકારે તેને તજવા તેમાં પ્રથમ પ્રમાદ મદ તે આઠ પ્રકારના છે. ૧ જાતિમદ, ૨ લાભમદ, ૩ કુળમદ, ૪ ઐશ્વર્યમદ, ૫ બળમદ, ૬ રૂપમદ, ૭ તપમદ અને શ્રુતમદ. આ આઠ પ્રકારનું જે પ્રાણી અભિમાન ધરાવે છે તે પ્રાણી આ ભવમાં અથવા પરભવમાં નીચતાને પામે છે. ૧ મારી ઊત્તમ જાતિ છે એમ અભિમાન કરનાર આગામી ભવે નીચ જાતિને પામે છે **હરીકેશીની** જેમ. ૨ મને અત્યંત લાભ થાય છે એમ અભિમાન ધરાવનાર લાભની હાનીને પામે છે. **સુભૂમચક્રવર્ત્તિ**ની જેમ. ૩ મારૂં કુળ ઊંચું છે એમ અભિમાન ધરાવનાર નીચ કુળને પામે છે. **મરિચીની** જેમ. ૪ મારે ઋદ્ધિ અત્યંત છે–મારી જેવી ઋદ્ધિ બીજા કોઇને નથી એમ ઐશ્વર્યનો મદ કરનાર ઐશ્વર્યની હાનીને પામે છે. અથવા **દશાર્ણભદ્ર** રાજાનો મદ જેમ ઇંદ્રે પોતાની ઋદ્ધિ દેખાડીને ઉતાર્યો તેમ થાય છે. ૫ મારૂં બળ અત્યંત છે મારા જેવો બળીઓ કોઈ નથી એમ અભિમાન ધરાવનારને વિશેષ બળવાન મળી આવે છે અને બાણાસુરનો મદ જેમ અનિરૂદ્ધ નામના કૃષ્ણ પુત્રે ઉતાર્યો તેમ ઉતારે છે અને પરભવને વિષે તે હીનબળીપણું પામે છે. **શ્રેણીક** રાજાએ એક બાણે કરીને સગર્ભાહરણીને હણીને અહંકાર કર્યો કે કેવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારૂં બાણુ અસ્ખળીત અને વેગવાળું છે? આમ અહંકાર કરવાથી તરતજ તીવ્ર રસવડે ત્યાં નર્કનું આયુષ્ય બાંધ્યું. પાછળથી અનાથી મુનીનો સમાગમ થયે સમકિત પામ્યા અને શ્રીમન્મહાવીર ભગવંતની અત્યંત ભક્તિ કરી પરંતુ પુર્વે બાંધેલ નિકાચીત બંધ ભોગવ્યાવિના છુટકો ન થયો અને નર્કે ગયા. માટે પ્રાણીએ બળમદ ન કરવો. ૬ મારૂં રૂપ અદ્વિતીય છે, મારી જેવું રૂપ કોઇનું નથી એમ રૂપનું અભિમાન કરનાર પ્રાણી કુરૂપ પણાને પામે છે. **સનતકુમાર** ચક્રવર્તિને રૂપનો મદ કરવાથી તત્કાળ શરીરમાં સોળ પ્રકારના અસાધ્ય વ્યાધીઓ ઉત્પન્ન થઈ ગયા તેમ. ૭ તપનો મદ કરનાર 'મારી જેટલો તપ કોઇ કરી શકતું નથી' એમ અભિમાન કરે છે તે પરભવે તપ શક્તિની હીનતાને પામે છે અથવા તો આ ભવમાંજ ભોગાવળી કર્મનો તીવ્ર ઉદય થઈ જાય છે તો બળાત્કારે શ્રેણીક રાજાના પુત્ર **નંદીષેણ કુમાર**ની જેમ પાછું ગ્રહસ્થપણું ધારણ કરવું પડે છે. ૮ શ્રુતમદ કરનાર હું બહું ભણ્યો છું એમ જેને તેને કહે છે અને બતાવે છે તે પ્રાણી જ્ઞાનાવરણી કર્મનો બંધ થવાથી પરભવે જ્ઞાન ગુણની હીનતાને પામે છે. **શ્રી સ્થુળીભદ્રમુની**એ પોતે પ્રાપ્ત કરેલ શ્રુતનો ચમત્કાર દેખાડવા માટે પોતાની યક્ષા વિગેરે બહેનો વાંદવા આવી ત્યારે સિંહનું રૂપ ધારણ કર્યું તે વાત ગુરૂ મહારાજાના જાણવામાં આવવાથી આને શ્રુતનું અજીર્ણ થયું એમ જાણી દશ પૂર્વથી આગળ વાંચના આપવી બંધ કરી. છેવટ શ્રી સંઘના આગ્રહે ચાર પૂર્વની મૂળની વાંચના આપી પણ અર્થ ન આપ્યો- જ્ઞાનનો મદ કરનાર આ ભવમાં પણ આ પ્રકારે હાનીને પામે છે.

આ આઠ મદની ઉપર લખેલા આઠે દષ્ટાંતો શ્રી ગૌતમ કુળક વિગેરે ગ્રંથોમાં છે પરંતુ અહીં વિષયનું લંબાણ બહુ વિશેષે થઈ જવાથી લખ્યા નથી.

એ દષ્ટાંતો ઉપરથી પણ વાંચક વર્ગોએ તો એવો ઉપદેશ ગ્રહણ કરવાનો છે કે પૂર્વોક્ત મદ કરનાર હરીકેશી મુની, મરિચી, દશાર્ણભદ્ર રાજા શ્રેણિકરાજા, સનત્ કુમારચક્રી, નંદિષેણ ઋષિ તથા સ્થુળીભદ્રમુનિ ( સુભૂમચક્રવર્ત્તિ શિવાયના સાતે ) એઓએ પાછું પોતાનું આત્મસાધન કર્યું અને મદવડે થયેલી હીનતાને નષ્ટ કરી દીધી. હરિકેશી મુનીએ ચંડાળપણું પામ્યા છતાં તીવ્રપણે ચારિત્ર પાળ્યું જેથી નિરંતર દેવતા તેમની સે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વામાં રહેવા લાગ્યા, **મરિચીએ** આગળ જતાં તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું અને ચરમ તીર્થંકરની પદવી મેળવી, **દશાર્ણભદ્ર** રાજાએ તત્કાળ ચારિત્ર ગ્રહણ કરીને પોતાનો મદ ઉતારનાર ઇંદ્રને પગે લગાડયો, **શ્રેણિકરાજાએ** શ્રી વીરભગવંતની અત્યંત ભક્તિ કરીને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું, **સનતકુમાર** ચક્રીએ રોગ ઉત્પન્ન થયા કે તરત શરિરને અનિત્ય જાણીને છ ખંડની રૂદ્ધિ તજી દઈ ચારિત્ર ગ્રહણ કર્યું અને રોગની ચિકિત્સાની પણ ઇચ્છા ન કરી, **નંદિષેણ રૂષિ** ભોગાવળી કર્મના ઉદયથી વેશ્યાને ત્યાં આવીને રહ્યા ખરા પરંતુ દરરોજ દશ દશ જણને પ્રતિબોધી શ્રી વીરભગવંત પાસે મોકલી ચારિત્ર ગ્રહણ કરાવ્યું અને પોતે પણ ભોગાવળી કર્મ પુરૂં થયું કે એકદમ સર્પ કંચુકવત્ વેશ્યાને તજી દઇ ચારિત્ર ગ્રહણ કરી આત્મ શ્રેય કર્યું અને **સ્થુળીભદ્ર** મુનિમહારાજાએ પણ પૂર્વના સ્નેહવાળી કોશાવેશ્યાને ત્યાંજ ચતુર્માસકરી ત્રીકરણ શુદ્ધે વ્રતારાધન કર્યું અને ૮૪ ચોવીશી પર્યંત નામ રાખ્યું. માટે એવા મહા પુરૂષો તો મદ કરીને પણ પાછું તેનું નિવારણ કરી શકયા પરંતુ આપણા જેવા અલ્પસત્વી પ્રાણીઓ નિવારણ કરી શકીએ એ તદન અશકયજ છે માટે કોઈ પણ પ્રકારનો મદ કરવો નહીં. કદાપિ કોઈ વખત કોઇ પ્રકારનું અભિમાન આવી જાય તો તે બાબતમાં અધિકતાવાળા પૂર્વે થઈ ગયેલા અથવા વર્તમાને વર્તતા પ્રાણી ઉંપર દૃષ્ટિ કરીને મનને પાછું વાળવું, અભિમાન ન કરવું. આ ઉપદેશ ખરેખરો આત્મહિતકર છે. અપૂર્ણ.

# माया.

## શ્રી મલ્લીનાથજી ચરિત્ર.

અનુસંધાન પૃષ્ટ ૧૫૧ થી.

શ્રી મલ્લીકુંવરીની માગણીને માટે બીજા દૂતના આગમનતું કારણ પૂર્વે કહ્યું છે. હવે ત્રીજા પૂર્વ ભવના મિત્ર **રૂપી** રાજાનો દૂત પણ **તેજ** વખત ત્યાં આવ્યો છે તેનું આગમન કારણ આ પ્રમાણે—

કુણાલાનાના દેશમાં સાવથ્થી નામે નગરી છે. ત્યાં **ત્રીજા મીત્રનો** જીવ રૂપી નામે રાજા થયો છે. તેની ધારિણી નામે રાણીની **આત્મજા સુબાહુ** નામે પુત્રી છે. અતિ રૂપવતી છે. **સુકમાળ હસ્તપાદ છે. યૌવને કરીને**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા લાવણ્યે કરીને ઉત્કૃષ્ટ છે અને સૌભાગ્યવતી છે. તેનો ચાર ચાર માસે મજ્જન જળ ક્રીડાનો ઉત્સવ રાજા કરે છે. એકદા તે ઉત્સવ આવ્યે સતે રાજાએ શેવક પુરૂષોને બોલાવીને આજ્ઞા કરીકે આવતીકાલે સુબાહુ પુત્રીનો મજ્જનોત્સવ છે. માટે તમે એક સુશોભીત મંડપની રચના કરો અને તે મંડપમાં, રાજ્ય માર્ગે તથા ચહુટા વિગેરેમાં પંચવર્ણના જળ સ્થળના નિષ્પન્ન થયેલા પુષ્પ સમુહ વેરો અને તેની માળાઓ બાંધો. તેમજ રાજ્યમાર્ગે, ચહુટામાં તથા તે પુષ્પ મંડપમાં પાંચ વર્ણના અક્ષતવડે નગર આળેખો અને તે આલેખનના મધ્યમાં પુષ્પ મંડપની વચ્ચે એક સુશોભીત બાજોઠની રચના કરો–મુકો. શેવક પુરૂષોએ રાજાની આજ્ઞા પામીને તરતજ તે પ્રમાણે સમસ્ત તૈયારીઓ કરી.

હવે મજ્જનોત્સવને દિવસે રૂપી રાજા પ્રભાત સમયે એક પ્રધાન હસ્તી ઉપર બેસી, શ્વેત છત્ર ધારણ કરાવી, બંને પાસે ચામ્મર વિજાતે ચતુરંગીણી સેના સહીત, અંતેઉરના પરિવાર યુક્ત, સુબાહુ પુત્રીને આગળ કરીને રાજ્યભુવનમાંથી નીકળ્યો. તે નગરના મધ્ય મધ્યમાં થઇને જ્યાં મુખ્ય રાજ્યમાર્ગ છે અને જ્યાં પુષ્પ મંડપની રચના કરેલી છે ત્યાં આવ્યો હસ્તી સ્કંધથી ઉતરીને મંડપમાં સ્થાપન કરેલા રાજ્યયોગ્ય સિંહાસન ઉપર બેઠો. એટલે રાજાની સર્વ રાણીઓએ મળીને સુબાહુ પુત્રીને પૂર્વે સ્થાપન કરેલા બાજોઠ ઉપર બેસારી અને સુવર્ણના તથા રૂપાના સુશોભીત કળશવડે તેને સ્નાન કરાવી મજ્જનોત્સવ કર્યો. પછી તેને બહુ મૂલ્ય વસ્ત્રાભરણ પહેરાવી શોભાયમાન કરીને રાજાને પગે લાગવા મોકલી.

સુબાહુપુત્રી જ્યાં રૂપીરાજા સિંહાસનારૂઢ થયેલ છે ત્યાં આવી અને પિતાના ચરણ કમળનું વંદન કર્યું. પિતાએ બહુજ પ્રીતીવડે તેને પોતાના ખોળામાં બેસારી. પુત્રીનું રૂપ, લાવણ્ય, યૌવન અને શરીરની શોભા જોઇ રાજા બહુ આશ્ચર્ય પામ્યો પછી અંતેઊરના રક્ષક નાજર વર્ગને બોલાવીને રાજાએ પુછ્યું કે તમે મારા આદેશ વડે અનેક ગ્રામ નગર પ્રત્યે જાઓ છો તો તેમાં કોઇ જગ્યાએ કોઈ રાજપુત્રીનો કે દ્રવ્યવાન શ્રેષ્ટી પુત્રીનો કે બીજી કોઈ ભાગ્યવતી પુત્રીનો આ સુબાહુ કુમરીની જેવો મજ્જનોત્સવ જોયો છે? તેઓ બોલ્યા " હે સ્વામી ! આપના આદેશ વડે એકદા અમે મિથીલા નગરીએ ગયા હતા ત્યાં કુંભરાજાની પ્રભાવતી નામે રાણીની અંગજા **મલ્લી** નામે અત્યંત રૂપ સૌભાગ્યવંત પુત્રી છે જેનો મ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્જન જળ ક્રીડા મહોત્સવ અમે જોયો હતો તે મહોત્સવની પાસે આ સુબાહુ પુત્રીનો મજ્જનોત્સવ લાખમે ભાગે પણ નથી વધારે શું કહીએ તે મહોત્સવ પાસે આ મહોત્સવ કાંઈ ગણુતીમાંજ નથી, " આ પ્રમાણેના તેના વચનને સાંભળીને પૂર્વ ભવનો સ્નેહ તત્કાળ પ્રાદુર્ભાવ પામ્યો અને મલ્લીકુંવરીની ઉપર સરાગીપણું થયું. તરતજ શિઘ્રકાર્યકારી દૂતને તેડાવીને પૂર્વેના બંને રાજાઓની પેઠે રૂપી રાજાએ પણ આજ્ઞા કરી કે " હે દુત! તું શિઘ્રપણે મિથીલા નગરીએ જા અને ત્યાંના કુંભ રાજાની પુત્રી મલ્લી કુંવરીની મારે અર્થે યાચના કર. "

દૂત તરતજ સ્વામીની આજ્ઞાને પામીને યોગ્ય પરિવાર સાથે રથમાં બેસી ત્યાંથી નીકળ્યો અને અનુક્રમે મિથીલા નગરીએ આવ્યો.

ઈતિ તૃતીયદૂતાગમન.

અપૂર્ણ.

---

## श्रीविक्रम कवि विरचितं.

# नेमिदूतम्.

## ( समश्लोकी भाषान्तर युक्त. )

( અનુસંધાન અંક બીજાને પાને ૩૧ થી.)

**पौरैस्तस्यां रथमुपहृतं रम्यमास्थाय यान्तं**
**द्रष्टुं ग्राम्याःपथि युवतयस्त्वामुपैष्यन्ति तस्मात् ।**
**शब्दैस्तत्र स्खलदुपलजैरर्थिसार्थिकृतश्री**
**स्तोयोत्सर्गस्तनितमुखरो मा च भूर्विक्लवास्ताः ॥४१॥**

પૌરોએ અર્પિત રમણિક જે રથે બેસિ જાતા,
જોવા ગ્રામ્યા યુવતિ તમને આવશે માર્ગમાં ત્યાં;
અર્થિમાં સાર્થક ધન કર્યું તેથી પાષાણ શબ્દે;
વૃષ્ટિ સાથે સ્તનિતવત્ ન્હી બોલશો ભીરૂ તે છે. ૪૧

---

૪૧ તે નગરીમાં નગરીના લોકોએ અર્પણ કરેલા રમણિક રથમાં બેસીને રસ્તામાં ચાલતા તમને ગામડાની યુવતીઓ જોવાને આવશે. તેથી યાચકોમાં લક્ષ્મીને સાર્થક કરનારા તમે પાષાણોની સાથે અથડાવાથી થયેલા શબ્દોથી વૃષ્ટિ સહિત મેઘની ગર્જનાની પેઠે બોલશો નહીં કારણ કે તે સ્ત્રીઓ બીકણુ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



त्वामायान्तं पथि यदुवराः केशवाद्या निशम्य
प्रीता बन्धूंस्तव पितृ मुखान् सौहृदानन्दयन्तः ।
साकं सैन्यै रथमभिमुखं प्रेषयिष्यन्ति तूर्णम्
मन्दायन्ते न खलु सुहृदा मभ्युपेतार्थ कृत्याः ॥ ४२ ॥

સુણી કૃષ્ણાદિક યદુવરો આવતા માર્ગમાં જ્યાં;
બન્ધુ પિત્રાદિક સુ-હૃદને આપી આનંદને ત્યાં;
સૈન્યો સાથે તરત રથને સન્મુખે પ્રેરશે જે;
કાર્યો લીધા સુ-હૃદ જનના મંદ થાએ નહીં તે. ૪૨

श्रुत्वा तीरे तदनु जलधेरागतं सोपहारो
मान्यो मन्त्री यदि बलपुरा च्छीरण स्त्वामुपेतः ।
तस्यादेया स्वशयविहिता सत्क्रिया तेन वेत्सि
मत्यावृत्तस्त्वयि कररुधि स्यादनल्पाभ्यसूयः ॥ ४३ ॥

કાંઠે આવ્યા જલનિધિ તણાં સાંભળી ભેટ સાથી,
જો આવે ત્યાં હલધર તણો માન્ય મંત્રી પુરેથી;
લેજો તેની કરી શુભ મને સત્ક્રિયા જો ન માનો,
પાછો વાળ્યો કરગ્રહિ તમે ખૂબ ઈર્ષ્યી થવાનો. ૪૩

गच्छेर्वेलातटमनु ततस्तोयमुल्लासिमत्स्यं
स्वच्छं काचच्छवि जलनिधेस्तस्य पश्यन्रथस्थः ।

---

૪૨ માર્ગમાં આવતા તમને સાંભળી કૃષ્ણ વિગેરે શ્રેષ્ટ યાદવો પ્રસન્ન થઈ પિતા વિગેરે બંધુઓ અને સુ-હૃદોને આનંદ આપી તત્કાળ તમારી સામે સૈન્ય સહિત એક રથ મોકલશે. કારણ કે મિત્રોના પ્રયોજન-કામને અંગીકાર કરનાર પુરૂષો મંદ રહેતા નથી.

૪૩ તમને સમુદ્રના તીરે આવેલા સાંભળી બળદેવનો માન્યમંત્રી જો બલદેવના નગરથી પૂજા ભેટ લહીને તમારી પાસે આવે તો શુદ્ધ -હૃદયે કરેલો તેનો સત્કાર તમારે સ્વીકારવો તમે હાથ ઝાલીને તેને પાછો વાલશો તો તે ઘણો ઈર્ષ્યાવાળો થાય તે તમે જાણો છો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**यः क्रामीव क्षणमपि सरितकामिनीनां न शक्तो**
**मोघीकर्त्तुं चटुलशफरोद्वर्तनप्रेक्षितानि ॥ ४४ ॥**

જોતાં કાંઠે જલનિધિ તણું પાણિ બેસી રથે તે,
ઊલ્લાસે જ્યાં મકર વલિ જે સ્વચ્છ ને કાચશું જે;
મીનો કેરા સ્ફુરિત નયનો જે નદી સુંદરીના,
કામી પેઠે અફલ કરવા શક્ત છે તે જરી ના. ૪૪

**तां वेलाङ्के विमलसलिलामागतां द्रक्ष्यसि त्वं**
**पूर्वोद्दिष्टं सरित मसकृद्वारिभिर्वीचिहस्तैः ।**
**यामालिङ्गयोपरमति पिबन्यन्मुखं न क्षणार्धं**
**ज्ञातास्वादो विपुलजघनां को विहातुं समर्थः ॥ ४५ ॥**

વેળા પાસે નિરમળ જળા દેખશો તે નદીને,
જેને આલિંગન બહુ કરી વીચિ હસ્તે ફરીને;
પીને જેનું મુખ ન વિરમે જે સમુદ્ર ક્ષણાર્દ્ધ,
સ્વાદો જાણી વિપુલજઘંના છોડવા કો સમર્થ. ૪૫

**तस्मिन्नुच्चैर्दलित लहरीसीकरासारहारी**
**वारां राशे स्तटजविकसत्केतकामोदरम्यः ।**
**खेदं मार्गक्रमणजनितं ते हरिष्यत्यजस्रं**
**शीतो वायुः परिणमयिता काननोदुम्बराणाम् ॥४६॥**

---

૪૪ તે પછી જેમાં મત્સ્ય ઊછળી રહ્યાં છે અને કાચની કાંતિના જેવું જે સમુદ્રનું સ્વચ્છ પાણિ છે તેને તમે રથમાં બેસી જોતા જોતા તેના કાંઠા ઉપર ચાલતા જોજો જે સમુદ્ર કામી પુરૂષની પેઠે નદીરૂપી નારીઓના ચપળ માછલાના ફરકવારૂપી નેત્રોને નિષ્ફલ કરવાને ક્ષણવાર પણ સમર્થ નથી.

૪૫ પૂર્વે કહેલી અને નિર્મળ જલવાળી તે નદીને તમે સમુદ્રને કાંઠે જોશો કે જે નદીને પોતાના તરંગરૂપી હાથવડે કરીને આલિંગન કરી જેમુખપાન કરતો સમુદ્ર અર્ધ ક્ષણ પણ વિરામ પામતો નથી. સ્વાદ જાણનારો કયો પુરૂષ વિશાળ જઘનવાળી સ્ત્રીને છોડવા સમર્થ થાય?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાં ઊંચેથી જળ લહરીના બિંદુની વૃષ્ટિ હારી,
કાંઠે ફુલ્યા જલનિધિ તણાં કેત કામોદ ધારી;
ઠંડો વાયુ પરિણત કરી જે વનો ઉંબરાનો,
હર્શે નિત્યે શ્રમ તમ તણો માર્ગમાં ચાલવાનો. ૪૬

# बंधुस्नेह.

## સિંહ અને વસંતનો સંબંધ.

આપત્તીના સમયમાં જેઓ પોતાના થાય, આપત્તીમાં ભાગ પડાવે અને આપત્તીને દૂર કરે. તેમને બાંધવ સમજવા. સંપત્તીના સમયમાં તો સ્નેહ બતાવનારા સર્વે હોય છે પરંતુ ઘણા તો વિપત્તીને સમયે દુર જતા રહે છે જેઓ ખરા બંધુ ભાવને વહન કરનારા હોય છે તેઓજ તે વખતે આપત્તીના ભાગીદાર થઇને તેને દુર કરવા તન મનથી પ્રયત્ન કરે છે. આપત્તી બે પ્રકારે છે. દ્રવ્યથી અને ભાવથી. નિર્ધનાવસ્થા, કષ્ટ પ્રાપ્તિ, રોગનું આગમન, વહાલાનો વિયોગ અને અનિષ્ટનો સંયોગ એ સર્વે દ્રવ્ય આપદા છે. અને ધર્મ રહીત થઇ જવું, દુર્ગતીએ જવું, ઉન્માર્ગ ગમન કરવું એ સર્વે ભાવ આપદા છે. ખરો બંધુ ભાવ વહન કરનાર સહોદર કિંવા મિત્ર હોય છે તે બંને પ્રકારની આપત્તીને દુર કરે છે. એ પ્રમાણે બંને પ્રકારની આપત્તી દુર કરવા ઉપર સિંહ અને વસંત નામના શ્રેઠી પુત્રની કથા આ પ્રમાણે છે.

મગધ દેશમાં મહાલય નામે ગ્રામને વિષે સિંહ અને વસંત નામના બે સહોદર શ્રેષ્ઠી પુત્ર રહે છે. તેમને પરસ્પર એવી દ્દઢ પ્રીતી છે કે એક બીજા વિના રહી શકતા નથી નિરંતર સાથેજ રહે છે. તેઓ અનુક્રમે વિદ્યાભ્યાસ કરી યૌવનાવસ્થા પ્રાપ્ત થઈ એટલે પરણ્યા. પરંતુ વ્યાપાર કરવો, દ્રવ્ય ઉપાર્જન કરવું, પરદેશ જવું, ક્રીડાઓ કરવી, ખાવું, પીવું અને વસ્ત્રાલંકાર પહેરવા તે સર્વે સાથેજ કરે છે તેમ એક સરખી રીતેજ કરે છે.

---

૪૬ તે ઠેકાણે ઊંચી રીતે ચૂર્ણ થયેલા તરંગોના બિંદુઓની વૃષ્ટિને હરનારો અને સમુદ્રના કાંઠા ઉપર થયેલા કેતકીના ફુલેલા પુષ્પોના સુગંધથી રમણિક તેમજ વનના ઊંબરડાના વૃક્ષોને પકવ કરનારો તે શીતળ પવન, તમારા માર્ગમાં ચાલવાથી થયેલા શ્રમને હરી લેશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકાદા લઘુ બંધવ વસંતને તેની સ્ત્રી એકાંતમાં કહેવા લાગી કે "તમે તો મુર્ખ દેખાઓ છો કેમકે ઘરમાં શું થાય છે તેની તો આપને ખબરજ પડતી નથી" વસંત ચમકયો કે આ તે શું કહે છે! સ્ત્રીએ આગળ ચલાવ્યું "તમારો મ્હોટો ભાઈ મુખે મીઠો છે પણ હૃદયે ધીઠો છે. પોતાની સ્ત્રીને કુમકુમ, વસ્ત્ર, ઘરેણાં તથા મેવા મીઠાઈ વિગેરે પ્રચ્છન્ન રીતે લાવી આપે છે વળી દ્રવ્ય પણ છાનું જુદું ગાંઠે કરે છે. ઘણું શું કહું તમે મારૂં માનશો નહીં તો એનું ફળ આગળ જાણશો" આ પ્રમાણે બોલીને તે અટકી એટલે શુદ્ધ અંતઃકરણવાળો વસંત બોલ્યો "રે પાપિણી! આવી જુઠી જુઠી વાત શું કરે છે? કદાપિ યુગ પલટાય તો પણ મારો ભાઇ એવો હોય નહીં તું બીજાના ઘરની પેઠે અમારૂં ઘર પણ ધુળ મેળવવા બેઠી છે પરંતુ એ વાત હું કદાપિ માનવાનો નથી. વળી મારી ભોજાઇ તો મારે માતા સમાન છે તે કદી પણ ગેરવ્યાજબી કરે તેમ નથી." આવો છાતીમાં પ્રહાર થવા તુલ્ય ઉત્તર સાંભળીને તે લઘુ સ્ત્રી મૌન રહી. વળી ફરીને પણ એ પ્રમાણે તેણે પોતાના પતિને ભંભેર્યો પણ તેણે માન્યું નહીં. આ પ્રમાણે વારંવાર કહ્યા કરવાથી એક વખત તેના મનમાં એમ બેસી ગયું કે મારી સ્ત્રી ખરૂં કહે છે." નિરંતર દોરડાના ઘસાવાથી કુપકંઠના પથ્થરમાં ખાડાઓ પડે છે તો માણસના મનમાં દરરોજના ઘસારાથી ખાડા પડે તેમાં શું નવાઈ! જ્યારે પોતાની વાતે ભર્તારના મન ઉપર કાંઇ પણ અસર કરી છે એમ તેણે જાણ્યું ત્યારે તેણે પોતાની વાત આગળ વધારી હે ભર્ત્તાર! તમે ભાઇ ઉપર સ્નેહ વાળા છો એટલે તેનો અવગુણ જોઇ શકતા નથી. વળી તમારી ભોજાઈ તો કુડ કપટની કોથળી છે, મને નાની જાણીને ઘરના સર્વ કામ મારી પાસે કરાવે છે. ગને તે દાસીની જેવી ગણે છે. અને તમને તમારા ભાઈ ચાકર જેવા ગણે છે. અમે તો તમને વળગેલા છીએ એટલે મુંગા મુંગા બધું સહન કરીએ છીએ આ પ્રમાણેના વચનો વડે સારી પેઠે અસર કરી. સ્ત્રી શું નથી કરતી? સહેજમાં વહાલામાં વિરોધ કરાવે છે. ગમે તેવો દૃઢ સ્નેહ હોય છે તો તે તોડાવી નાંખે છે. કહ્યું છે કે તાળાના મજબુત બંધનને સ્ત્રી લીંગ વાળી કુંચી સહજમાં ઢીલા કરી નાંખે છે. તેમજ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सुवंशजोप्यकृत्यानि, कुरुतेप्रेरितःस्त्रियाः ।
स्नेहलं दधि मथ्नाति, पश्य मंथानको नहि ॥ १ ॥

" સારા વંશમાંથી ઉત્પન્ન થએલ પુરૂષ પણ સ્ત્રીએ પ્રેર્યો સતો અકૃત્યને કરે છે. જુઓ સુવંશોત્પન્ન[1] મંથાનક સ્ત્રીએ પ્રેર્યો સતો સ્નેહવાળા દધિને પણ મંથન કરે છે કે નહીં? અર્થાત્ કરે છે "

સ્ત્રીએ વારંવાર પ્રેરેલો લઘુભાઇ એક વખત મોટા ભાઇ પ્રત્યે કેહેવા લાગ્યો કે મને મહારો ભાગ વેંચી આપો. અકસ્માત આવા અપૂર્વ વચનને સાંભળીને વૃદ્ધ ભાઇ બોલ્યો કે " હે બંધુ કોની સાથે ભાગ વહેંચવો છે? મારે તારા વિના કોણ છે અને તારે મારા વિના કોણ છે! જો કાંઇ મેં તારૂં વિપરિત કર્યું હોય અને તેથી આમ બોલતો હોય તો તે કહી દેખાડ. આ સર્વ લક્ષ્મી તારીજ છે. તું સુખે વિલાસ કર અને તેનો ઉપભોગ લે તેમજ તારા મનમાં સંતોષ રાખ આ પ્રમાણેના ઉત્તરથી નાનો ભાઇ લજવાયો અને જવાબ ન દેતાં મૌન રહ્યો. ઘેર આવીને પોતાની સ્ત્રીને બધી વાત કહી બતાવી. સ્ત્રી બોલી કે " જે ધુર્ત્ત હોય તે એમજ બોલે માટે એવા વચનોથી ભોળવાઇ જવું ન જોઇએ. પણ તમે મારૂં કહેવું માનતા નથી તેથી એમ જણાય છે કે તમારી મતિ ખશી ગઇ છે. તમે ભોળા છો એટલે એ હાથમાં આવ્યું શું કામ મુકી દેય? પણ તમારે ચાકર થઇને રહેવું હોય તો ભલે રહો હું તો દાશી પણું કરવાની નથી. જો તમે ભેગા રહેશો તો હું મારા પિયરમાં જઇને રહીશ,

સ્ત્રીની પ્રેરણાએ વળી બીજીવાર તેણે મોટા ભાઇને ભાગ વહેંચી આપવા કહ્યું. ભાઇએ પુર્વોકત પ્રકારેજ ઉત્તર આપ્યો એટલે તે ફરી લજ્જાયમાન થયો. આ પ્રમાણે ઘણીવાર સ્ત્રીના તથા ભાઇના વચનોથી ડોલાયમાન સ્થીતીમાં રહ્યો એમ કરતાં કરતાં એકવાર તો સ્ત્રીએ બહુજ ભંભેર્યો એટલે વસંત પોતાના ભાઇ પાસે જઇ અડીને બેઠો કે ' આજ તો ભાગ વહેંચી આપશો ત્યારેજ ઉઠીશ ' આ પ્રમાણેના ઉત્કટ વચનને સાંભળીને પોતાના ભાઇનો દોષ ન હોવાથી સ્ત્રી જાતિ ઉપર મોટા ભાઈને બહુજ ધિક્કાર ઉત્પન્ન થયો, વિચાર્યું કે આ સ્ત્રીએ તો બહુજ બગાડયું. અમારો અપૂર્વ સ્નેહ તોડાવ્યો તેમજ ઘર બધું ખરાબ કર્યું અને ઘરની આબરૂ ગુમાવી. કહ્યું છે કે—

---

[1] મંથાનક સ્થાને સારા વાંસમાંથી ઉત્પન્ન થએલ એમ સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अनृतं साहसं माया, मूर्खत्वमतिलोभता ।
अशौचं निर्दयत्वं च, स्त्रीणां दोषा स्वभावजाः ॥१॥

" અસત્ય, સાહસ, કપટ, મુર્ખતા, અતિ લોભીપણું, અપવિત્રતા અને નિર્દયી પણું એટલા સ્ત્રીઓના સ્વભાવિક દોષ છે. "

આ પ્રમાણે વિચારીને સમજાવવું છોડી દઇ ઘરબાર વિગેરે સર્વે દ્રવ્ય તેને અરધો અરધ વહેંચી આપ્યું એટલે તે પણ લઇને જુદો થયો. સ્ત્રીનું મન માન્યું થયું. પરંતુ ભાગ્ય દશાની વહેંચણ કાંઇ થઈ શકતી નથી એટલે જુદા થયા પછી થોડા વખતમાં નાના ભાઇએ પોતાની તમામ લક્ષ્મી વ્યાપારાદિકમાં ગુમાવી અને ખાલી થયો. આ બાજુ મોટા ભાઈએ લક્ષ્મી વધારી એટલે વળી સ્ત્રીનો પ્રેર્યોસતો મોટા ભાઇ પાસે ગયો અને ગળે પડયો કે, તમે તો વહેંચણ કરતી વખત જુદી ગાંઠ રાખેલી એટલે હવે ફરીને તમારી લક્ષ્મી બધી વહેંચી આપો. વૃદ્ધ ભાઇએ ફરીને વળી તેને અર્ધ લક્ષ્મી આપી. આ પ્રમાણે વારંવાર પૂર્વ ભવના પાપોદયથી લક્ષ્મી ગુમાવે અને મોટાભાઈ પાસે જાય એટલે વળી તે દ્રવ્ય આપે. એમ બહુ વખત થવાથી તે લાજનો માર્યો ભાઇ પાસે લક્ષ્મી લેવા જઈ શકયો નહી પરંતુ ભાઇની ઉપર ક્રોધે ધમધમ્યો થકો ભટકવા લાગ્યો. લોકો તેની નિંદા કરે અને મોટાભાઇની પ્રશંસા કરે છે. વસંત મોટાભાઇ ઉપર દ્વેષ ધરે અને સિંહ તો તેની ઉપર સ્નેહ ધરે, મીષ્ટ વચને બોલાવે, વગર માગ્યે દ્રવ્યાદિક આપે એમ ખરા બંધુભાવને વહન કરે પરંતુ તેની અસર બીલકુલ નાનાભાઇ ઉપર થાય નહીં. એકદા વસંત તદ્દન નિર્ધન અવસ્થાનો અનુભવ કરતો, બહારગામ ભટકતો, મલીન વસ્ત્ર ધારણ કરતો અને ભુખે ટળવળતો પોતાના ગામમાં આવ્યો અને મોટા ભાઇને મારી નાખવા છરી લઇને તેના ઉપર દોડયો. મોટા ભાઇએ ઘાત બચાવી લીધી પરંતુ સુજ્ઞ હોવાથી વિચારવા લાગ્યો કે "ધિક્કાર છે આ સંસારને કે દ્રવ્યના લોભવડે સગોભાઇ પણ આવું અકાર્ય કરવા તત્પર થાય છે." આ પ્રમાણે વિચારી વૈરાગ્ય પામ્યો સતો ગામ મુકીને બહાર નીકળ્યો. ત્યાં પાંચ સમિતે સમતા, મહા સમતાના ધણી, જીતેંદ્રીય, આત્મ સાધનમાં તત્પર અને સંસાર તાપનું નિવારણ કરવાને પુષ્કરાવર્ત્ત મેઘ સમાન મુનિ મહારાજને દીઠા. વંદન નમસ્કાર કરી સમિપે બેઠો. ગુરૂ મહારાજાએ ધર્મોપદેશ દીધો એટલે તેણે પૂર્ણ વૈરાગ્ય પામી સંસારને તજી દઇ તત્કાળ ચારિત્ર ગ્રહણ કર્યું. નિરતિચાર ચા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રિત્ર પાળી સૌધર્મ દેવલોકે દેવપણે ઉપન્યો.

લઘુ ભાઇએ પણ દુઃખ ગર્ભીત વૈરાગ્યથી તાપસી દીક્ષા ગ્રહણ કરી કાળ કરીને જ્યોતિષે દેવતા થયો. પછી ઘણો સંસારમાં રઝળ્યો અનુક્રમે અચળ નગરીની બહાર બહુશાળ નામે ઉદ્યાનમાં શ્યામ વર્ણવાળો વિકરાળ સર્પ થયો.

વૃદ્ધ ભાઇનો જીવ દેવલોકમાંથી ચવી ગજપુર નગરને વિષે સુરેંદ્ર રાજાનો વસુધર નામે પુત્ર થયો. તે મહા ગુણવંત, સારી મતિવાળો, ન્યાયવાન્ અને સર્વ લોકને પ્રિય થયો. યૌવનાવસ્થા પામ્યો. એકદા કોઇ મુનિરાજને દેખીને ઇહાપોહ કરતાં જાતિ સ્મરણ ઉત્પન્ન થયું. પૂર્વભવ દીઠો. સંસારની અસારતા જાણીને વૈરાગ્ય પામ્યો અને શ્રી ગુણધર નામે કેવળી ભગવાન પાસે દિક્ષા લીધી. કેવળીને લઘુભાઇનો આગલો સંબંધ પુછ્યો એટલે તેમણે સર્પના ભવ પર્યંત કહી સંભળાવ્યો. એ પ્રમાણેના કર્મ વિપાકને સાંભળીને સંસારથી બહુજ ઉદાસીનપણું થયું. અનુક્રમે વસુધર મુનિ ચૌદ પૂર્વ ભણ્યા. આકરા તપ તપતાં અને સંયમમાં તત્પર રહેતાં અવધિ જ્ઞાન ઉત્પન્ન થયું. અને શુભ અધ્યવસાયે વર્તતા મન પર્યવ જ્ઞાન થયું. એટલે આચાર્યે યોગ્ય જાણીને આચાર્ય પદ આપ્યું. વસુધર આચાર્ય વિહાર કરતા કરતા અનુક્રમે સર્પને પ્રતિબોધવા માટે બહુશાળ વનમાં સમોસર્યા. સર્પને ધર્મ સંભળાવ્યો એટલે તે વૈરાગ્ય પામ્યો અને પૂર્વભવ સંભળાવવાથી તેને જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તત્કાળ અનશન ગ્રહણ કર્યું. પાંચ દિવસ અનશન પાળી, સમાધિએ કાળ કરી વસંતનો જીવ સર્પ સૌધર્મ દેવલોકે દેવતા થયો. અનુક્રમે સિદ્ધિ પદ વરશે.

આ પ્રમાણે ખરા બંધુ ભાવને વહન કરનારા સિંહના જીવે દ્રવ્ય આપત્તિ અને ભાવ આપત્તિ બંને દૂર કરી પ્રાંતે પોતાના ભાઇને સુખી કર્યો. ખરો બંધુ ભાવ તે આ સમજવો બાકી સ્વાર્થનો બંધુ ભાવ કાંઈપણ કામનો નથી. માટે તેમાં મોહ પામીને સંસારના સબંધને ખરા ન ગણતાં સિંહની જેમ સંસાર ત્યાગ કરી આત્મહિત કરવું વળી વસંતની પેઠે સ્ત્રીને વશ થઈ જઇને તેના કહેવા પ્રમાણે વર્તી દૃઢ સ્નેહને ત્રોડી નાંખવાથી પ્રાંતે તેની જેમ દુઃખી થવું પડે છે માટે નિરંતર સ્ત્રીના વચનોને હૃદયમાં ધારણ ન કરવા, પુખ્ત વિચાર કરી કૃત્યા કૃત્યનો નિર્ણય કરી જે કરવું ઘટે તે કરવું જેથી પાછળ પસ્તાવું ન પડે.

અલંવિસ્તરેણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આજ સુધી આવી સઝાયમાળા બીલકુલ ન હોવાથી તે ખોટ આ બુકે પુરી પાડી છે. વધારે પ્રશંસાની જરૂર નથી. કિંમત ત્રણ રૂપીઆ સામટી નકલ મંગાવનારને કમીશન મળી શકશે. ખરીદ કરનારનું દીલ પસંદ થાય તેમ છે.

---

## મુનીરાજ શ્રી વૃદ્ધિચંદજી માહારાજના ફોટોગ્રાફ.

ખરીદ કરવા ઇચ્છનારને માટે નીચે પ્રમાણે ભાવ રાખેલા છે.

| | | |
|---|---|---|
| ૧ | કેબીનેટ સાઇઝના ફોટોગ્રાફ | ૦—૧૦—૦ |
| ૨ | ફુલ સાઇઝના ફોટોગ્રાફ. | ૧—૦—૦ |

પરદેશવાળાને પોસ્ટ ખર્ચ જુદું બેસશે.

બહારગામ રહેનારને દર્શનનો અમૂલ્ય લાભ આપનાર અને સમિપે રહેનારની પણ પ્રાતઃકાળમાં દર્શન કરવાની ઇચ્છાને સંપૂર્ણ કરનાર અનેક ગુણગણ સંપન્ન શાંત મુર્તિવંત મુનીમહારાજનાઓ ફોટોગ્રાફ ભક્તજનોને અવશ્ય ખરીદ કરવા યોગ્ય છે. ફોટોગ્રાફર બહુ પ્રવીણ હોવાથી મુંબઇના પ્રસિદ્ધ ફોટોગ્રાફરની પંક્તિમાં મુકીએ એવું કામ કરેલું છે. વિશેષ પ્રશંસાની આવશ્યક્તા નથી કારણકે એ મહાન્ પુરૂષ દર્શન ઇહ લોક પરલોકમાં અવશ્ય કલ્યાણને નિષ્પન્ન કરનારા છે.

આ ફોટોગ્રાફ શ્રી પાલીતાણામાં પણ ઝવેરી ત્રીકમ ઘેલાભાઇની પાસેથી ઉપરના ભાવ પ્રમાણેજ મળી શકશે.

---

## पुस्तकोनी पहोंच.

પંચપદાનુપુર્વી શાસ્ત્રી તથા ગુજરાતી—શ્રી અમદાવાદ નિવાસી શા૦ બાલાભાઇ છગનલાલ તરફથી બંને જાતની મળીને બુક ૩ તથા કચરાભાઇ ગોપાળદાસ તરફથી ગુજરાતી બુક ૨ ભેટ દાખલ મળી છે તે સ્વીકારીએ છીએ. બુક સારી છપાણી છે. બુદ્ધકમતિને વિશેષ ઉપયોગી છે. કીંમત એકઆનો છે. પોસ્ટેજ અરધો આનો.

મનુષ્ય ભવના દશ દ્રષ્ટાંત—શા૦ કચરાભાઇ ગોપાળદાસ તરફથી એક બુક ભેટ મળી છે. મનુષ્યભવની દુર્લભતા બતાવવા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ને ઉપયોગી છે. કિંમત એક આનો. પોસ્ટેજ અરધો આનો.

લિંગ બોધ વ્યાકરણ, જ્ઞાનોદય ભાગ ૧ લો તથા ભાગ ૨ જો અને કુસંગ વિષવૃક્ષ—કુલ ચાર બુકો શ્રી મુરાદાબાદ નિવાસી દિગંબરી શ્રાવક પન્નાલાલ તરફથી ભેટ દાખલ મળી છે તે સ્વીકારીએ છીએ પ્રથમની બુક વ્યાકરણના અભ્યાસીને ઉપયોગી છે બીજી ત્રણ બુકો પણ હિત શિક્ષાને માટે સારી છે શાસ્ત્રી લીપીથી શીલા છાપમાં છાપેલી છે.

## એજંટોનાં વૃદ્ધિ.

| | |
|---|---|
| ૧ શ્રી વલસાડ | શા૦ પુનમચંદ કેશુરજી |
| ૨ શ્રી દસાડા | શા૦ મોહનલાલ લીકમજી |
| ૩ શ્રી માંડવી કચ્છ | શા૦ પીતાંમરદાસ શાંતિદાસ. |

પ્રથમના તથા આ એજંટોને લવાજમ ભરવાથી અમને પોહોચશે. એજંટને લવાજમ ભરનારે એક પત્ર લખીને અમને તરત ખબર આપવી જેથી તેજ માસમાં તેની પોહોચ આપવાને બની શકે

## लवाजमनी पहोंच.

૧—૩ શા૦ ગુલાબચંદ હરીચંદ
૩—૯ શા૦ ભુરાભાઈ વેણીચંદ
૧—૩ શેઠ શામળદાસ નથુભાઈ
૨—૬ ધરૂ માણેકચંદભાઇ કાનજી
૧—૩ શા૦ ઘેલાભાઈ દેવચંદ
૧—૩ શા૦ જેઠાભાઇ ગંગાદાસ
૧—૩ શા૦ કપુરચંદ લાલભાઈ
૧—૩ શા૦ શામજી કપુરાજી
૧—૩ શા૦ હંસરાજ શામજી
૧—૪ શા૦ ખુશાલ નાથાજી
૨—૬ મેતા ચત્રભજ બેચર
૧—૩ શા૦ નાથા લખમીચંદ
૩—૨ શા૦ હેમચંદ ભીમચંદ
૨—૭ વકીલ મોતમચંદ જેઠા
૧—૩ શેઠ રતનાજી વિરજી
૧—૩ શા ભીમજી હરખજી
૧—૩ શા૦ ચત્રભજ ગલા
૧—૩ શા૦ પ્રેમચંદ વીઠલ
૧—૩ શા૦ નરોતમ ગોકળ
૧—૩ શા૦ નરોતમ ત્રીકમ
૫—૧૫ શા૦ વ્રજલાલ પ્રભુદાસ
૧—૪ શા૦ રાઈચદ કસલચંદ
૭—૨ શા૦ જેઠાલાલ પ્રભુદાસ
૨—૬ શા૦ નેમચંદ બેચરદાસ

અમારા કારકુન કેશવજીને આપેલા લવાજમની પહોચ આવતા અંકમાં આપવામાં આવશે.

બાકી રહેલ લવાજમ તાકીદે મોકલાવશો.

For Private And Personal Use Only